# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### આણંદ જિલ્લામાં મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાનો 'ચૂંટણી મહાકુંભ' માટે વહીવટી તંત્ર સજ્જ

# આણંદમાં સ્થાનિક સરકારનું 26મીએ ભવિષ્ય નક્કી થશે

**જિલ્લાભરમાં 400** સંવેદનશીલ મથકો પર સુરક્ષાનો લોખંડી બંદોબસ્ત ગોઠવાશે

(પ્રતિનિધિ) આણંદ તા.20

આણંદ જિલ્લામાં આગામી 26મી એપ્રિલના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીઓ માટે જિલ્લા ચૂંટણી તંત્ર સંપૂર્ણપણે સજ્જ થઈ ગયું છે.

આણંદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણ ચૌધરીએ જણાવ્યું હતું કે, કરમસદ-આણંદ મહાનગરપાલિકા, 6 નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતની 40 બેઠકો અને તાલુકા





પંચાયતની 192 બેઠકો માટે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. લોકશાહીના આ પર્વમાં કુલ 15,32,245 જેટલા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે, જે માટે જિલ્લામાં કુલ 1700 મતદાન મથકો ઊભા કરવામાં આવ્યા છે.

આણંદ જિલ્લામાં બિનહરીફ બેઠકો અને મેદાનમાં રહેલા ઉમેદવારો ચકાસણી અને ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા બાદ અનેક બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. કરમસદ-આણંદ મહાનગરપાલિકામાં વોર્ડ નં. 6 સંપૂર્ણ બિનહરીફ થયો છે, જ્યારે અન્ય કુલ 12 બેઠકો બિનહરીફ થતા હવે 100 ઉમેદવારો મેદાનમાં છે. નગરપાલિકા સ્તરે પેટલાદનો વોર્ડ નં. 3 બિનહરીફ થયો છે અને કુલ 415 ઉમેદવારો વચ્ચે જંગ જામશે. જિલ્લા પંચાયતમાં ચિખોદરા, પાળજ અને વણસોલ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે.

આણંદના મતદારો માટે ભીષણ ગરમીને ધ્યાનમાં રાખીને જિલ્લા ચૂંટણી અધિકારીએ ખાતરી આપી છે કે તમામ મતદાન કેન્દ્રો પર પીવાનું શુદ્ધ પાણી, બેસવા માટે ખુરશીઓ અને છાંયડા માટે શેડની પૂરતી વ્યવસ્થા કરવામાં આવશે. મતદાનનો સમય સવારે 7-00 કલાકથી સાંજના 6-00 કલાક સુધીનો રહેશે. આ સમગ્ર પ્રક્રિયા પર દેખરેખ રાખવા માટે 30 જેટલા RO-ARO ની નિમણૂક કરી દેવામાં આવી છે.

#### ઉમરેઠના શાહી લગાવવાના નિયમમાં ફેરફાર

ઉમરેઠ વિધાનસભા પેટાચૂંટણીને કારણે શાહીનો અનોખો નિર્ણય લેવાયો છે. જેમાં સૌથી મહત્વનો એન્ગલ એ છે કે, ઉમરેઠ વિધાનસભાની પેટાચૂંટણી 23મી એપ્રિલના રોજ યોજાનારી છે, જેમાં મતદારોના ડાબા હાથની તર્જની (પહેલી આંગળી) પર શાહી લગાવાયેલી હશે. આથી, 26 એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મૂંઝવણ ન થાય તે માટે ઉમરેઠ વિસ્તારના મતદારોને ડાબા હાથની વચલી આંગળી પર અવિલોપ્ય શાહી લગાવવામાં આવશે.




---

### નવાખલ પાસે પૂરઝડપે જતાં યુવકને અકસ્માત નડ્યો

## આંકલાવ પાસે એક્ટિવા સ્લીપ થતાં યુવાનનું મોત

**વડોદરા હોસ્પિટલમાં** સારવાર દરમિયાન દમ તોડ્યો

(પ્રતિનિધિ) આંકલાવ તા.20

આંકલાવ તાલુકાના નવાખલ ગામ પાસે ગત રવિવારે મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક યુવાન પોતાની એક્ટિવા પરથી નિયંત્રણ ગુમાવતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો અને સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

આ ઘટનાની વિગતો મુજબ, નવાખલ ગામના ઈન્દિરાનગર વિસ્તારમાં રહેતા શૈલેષભાઈ ભાનુભાઈ ઠાકોર (ઉં.વ. 36) ગત રવિવારે રાત્રે આશરે 10-30 કલાકે પોતાની એક્ટિવા (નંબર GJ-23-EC-3810) લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. નવાખલ જી.આઈ.ડી.સી. પાસે પૂરઝડપે જઈ રહેલું એક્ટિવા અચાનક સ્લીપ થઈ ગયું હતું. આ અકસ્માતમાં શૈલેષભાઈને માથાના ભાગે તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માત બાદ ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક 108 મારફતે વડોદરાની ગોત્રી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના મોટા ભાઈ દિનેશભાઈ ભાનુભાઈ ઠાકોરે આંકલાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આંકલાવ પંથકના ધોરી માર્ગ પર પુરઝડપે જતા ટુ વ્હીલર સ્લીપ થવાના કિસ્સા વધી ગયાં છે. આથી, માર્ગ મકાન વિભાગે તપાસ કરવી જરૂરી બન્યું છે.

---

### ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે બળવાખોરો સામે લાલ આંખ

## ખેડા જિલ્લા ભાજપમાં શિસ્તનો કોરડો પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ 18 સસ્પેન્ડ

**કપડવંજમાં સૌથી વધુ** 15 સભ્યો પર ગાજ પડી

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીના મતદાન પૂર્વે ભારતીય જનતા પાર્ટીએ શિસ્તભંગના મામલે આકરું વલણ અપનાવ્યું છે. પક્ષના સત્તાવાર ઉમેદવારો સામે બળવો કરનારા અને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા કુલ 18 કાર્યકરોને તાત્કાલિક અસરથી પક્ષના પ્રાથમિક અને સક્રિય સભ્યપદેથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

રાજ્યમાં આગામી 26મી તારીખે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. આ ચૂંટણીમાં ભાજપ તરફથી ટિકિટ ન મળતા અનેક દાવેદારોએ નારાજ થઈને પક્ષ સામે બળવો પોકાર્યો હતો. કેટલાક સભ્યોએ પોતે અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી, તો કેટલાકે ભાજપના અધિકૃત ઉમેદવાર સામે પોતાના પરિવારના સભ્યોને મેદાનમાં ઉતાર્યા હતા. પક્ષની શિસ્ત જાળવવા માટે જિલ્લા પ્રમુખ નયનાબેન પટેલ દ્વારા આ તમામ બળવાખોરોને હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ કરાયો છે.

ખેડા જિલ્લામાં સસ્પેન્ડ કરવામાં આવેલા 18 કાર્યકરોમાં સૌથી વધુ કપડવંજ શહેરના 15 સભ્યોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કણજરીના 2 અને ગળતેશ્વર તાલુકાના 1 સભ્ય સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે.

આ 'મોટા ઓપરેશન'થી રાજકીય લોબીમાં સોપો પડી ગયો છે. ભાજપે આ કાર્યવાહી દ્વારા સ્પષ્ટ સંકેત આપ્યો છે કે વ્યક્તિગત મહત્વકાંક્ષા કરતા પક્ષની શિસ્ત સર્વોપરી છે અને અધિકૃત ઉમેદવારની સામે કોઈપણ પ્રકારની નકારાત્મક પ્રવૃત્તિ ચલાવી લેવામાં આવશે.

#### ભાજપ દ્વારા સસ્પેન્ડ કરાયેલા સભ્યોની યાદી

પ્રતિપાલસિંહ નરેન્દ્રસિંહ રાણા (કણજરી), નરેન્દ્રસિંહ ફતેસિંહ રાણા (કણજરી), નીતીનકુમાર કનૈયાલાલ શાહ (કપડવંજ), નયનકુમાર વિનુભાઈ પટેલ (કપડવંજ), અલ્પેશ ભુદરભાઈ પંડ્યા (કપડવંજ), મોન્ટુ ભગવતીપ્રસાદ ભટ્ટ (કપડવંજ), નીલ નીતિનભાઈ શાહ (કપડવંજ), બીનાબેન નીતિનભાઈ શાહ (કપડવંજ), મીનાબેન પ્રજ્ઞેશભાઈ સોની (કપડવંજ), હર્ષ મનીષભાઈ શર્મા (કપડવંજ), નીલેશ રમેશભાઈ પંચાલ (કપડવંજ), જય વિજયભાઈ શાહ (કપડવંજ), ફિરોઝખાન ફરીદખાન પઠાણ (કપડવંજ), નેહાબેન નયનકુમાર પટેલ (કપડવંજ), વિનોદભાઈ રાવજીભાઈ માજીરાણા (કપડવંજ), સંજયકુમાર કિશોરભાઈ ચૌહાણ (કપડવંજ), આકાશકુમાર સુકાજી ભીલ (કપડવંજ), ચિંતનભાઈ આર. પટેલ (ગળતેશ્વર)

---

### એક્સપ્રેસ હાઈવે પર ગમખ્વાર અકસ્માત

## મિનીટ્રક પાછળ ટ્રક અથડાતાં ચાલકનું મોત

**રોંગ સાઈડમાં ઉભેલી** મિનિટ્રક પાછળ એરંડા ભરેલી ટ્રક અથડાતા સર્જાઈ દુર્ઘટના

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

નડિયાદ પાસેથી પસાર થતાં એક્સપ્રેસ હાઈવે પર વહેલી સવારે ભયાનક અકસ્માત સર્જાયો હતો. ચકલાસી નજીક રોંગ સાઈડમાં ઉભેલી મિનિટ્રક ગાડી પાછળ ટ્રક અથડાતા મિનિટ્રકના ચાલકનું ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું છે.

સુરતના બારડોલીના રહેવાસી દેવરાજભાઈ કરમટા રાત્રે ટ્રકમાં તાપીથી એરંડા ભરીને કડી ખાલી કરવા જઈ રહ્યા હતા. દરમિયાન, વહેલી સવારે ચાર વાગ્યાના સુમારે તેમની ટ્રક ચકલાસી નજીક એક્સપ્રેસ હાઈવે પર રોંગ સાઈડમાં ઉભેલી એક આઈસર ગાડીની પાછળના ભાગે અથડાઈ હતી. આ અકસ્માત એટલો જોરદાર હતો કે આઈસર ગાડીની કેબિનમાં ડ્રાઈવર લોહીલુહાણ હાલતમાં ફસાઈ ગયો હતો.

આ ઘટનાની જાણ થતા જ 108 એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત ચાલકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે ટ્રક ચાલક દેવરાજભાઈની ફરિયાદના આધારે ચકલાસી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદ - વડોદરા એક્સપ્રેસ હાઈવે પર છેલ્લા કેટલાક સમયથી ભારે વાહનોના આડેધડ પાર્કીંગ થાય છે. કેટલાક કિસ્સામાં કોઈ પણ ભયચૂક સિગ્નલ મુક્યા વગર રસ્તા વચ્ચે ખોટવાયેલા વાહનો પડ્યા હોય છે. જેના કારણે અકસ્માત સર્જાતા રહે છે.

---

## નડિયાદમાં કેવાયસી અપડેટના બહાને 95 હજારની છેતરપિંડી

**ભેજાબાજે ફાસ્ટેગ** કેવાયસીના નામે ઓટીપી મેળવી ત્રણ બેંક ખાતા સાફ કર્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

નડિયાદમાં બેંક ખાતામાં કેવાયસી અપડેટ કરાવવું નડિયાદના એક રહીશને ભારે પડ્યું છે. ગૂગલ સર્ચમાંથી મળેલા એક શંકાસ્પદ નંબર પર સંપર્ક કરતા, સાયબર ગઠિયાએ ફાસ્ટેગ કર્મચારી તરીકેની ઓળખ આપી વિશ્વાસમાં લઈ, અલગ-અલગ બેંક ખાતાઓમાંથી કુલ 95,437ની ઓનલાઈન ઉચાપત કરી હોવાની ઘટના સામે આવી છે. આ મામલે પશ્ચિમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નડિયાદમાં રહેતા અને અમદાવાદની ખાનગી કંપનીમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતા ભાવિનકુમાર મહેન્દ્રભાઈ પટેલ સાથે આ છેતરપિંડી થઈ છે. તેઓ 9મી ઓક્ટોબર, 2025ના રોજ તેમણે પોતાના બેંક કાર્ડમાં કેવાયસી કરાવવા માટે ગૂગલ પર સર્ચ કર્યું હતું. સર્ચ દરમિયાન ટોલ પ્લાઝાની સાઈટ પરથી એક નંબર મળ્યો હતો, જેના પર ફોન કરતા સામેવાળી વ્યક્તિએ હિન્દી અને ગુજરાતી ભાષામાં વાત કરી જણાવ્યું હતું કે, તે અમદાવાદ ટોલ પ્લાઝા પરથી આઈસીઆઈસીઆઈ ફાસ્ટેગમાંથી બોલે છે. ગઠિયાએ ફાસ્ટેગ કેવાયસી અપડેટ કરવાના બહાને ભાવિનકુમાર પાસેથી ઓટીપી મેળવ્યો હતો.

દરમિયાનમાં 11મી ઓક્ટોબર, 2025ના રોજ ભાવિનકુમારને બેંકનો મેઈલ આવતા જાણવા મળ્યું કે તેમના ખાતામાંથી નાણાં કપાયા છે. તપાસ કરતા માલૂમ પડ્યું કે સાયબર ગઠિયાએ ઓટીપી મેળવ્યા બાદ, તેમના આઈસીઆઈસીઆઈ બેંક, બેંક ઓફ ઈન્ડિયા અને બેંક ઓફ બરોડાના ખાતાઓમાંથી ક્રેડિટ અને ડેબિટ કાર્ડ દ્વારા કુલ 12 ટ્રાન્ઝેક્શન કર્યા હતા. આ રીતે કુલ 95,437ની રકમ ગઠિયાએ પોતાના મળતીયાઓના એકાઉન્ટમાં ટ્રાન્ઝેક્શન કરી છેતરપિંડી આચરી હતી.

આ દરમિયાન ભાવિનકુમારનો મોબાઈલ ફોન પણ ઓપરેટ થતો બંધ થઈ ગયો હતો. આ સાયબર છેતરપિંડી અંગે ભાવિનકુમાર પટેલે ફરિયાદ નોંધાવતા, નડિયાદ પશ્ચિમ પોલીસે સાયબર ફ્રોડનો ગુનો નોંધી આરોપીઓને પકડવા માટે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

## આણંદમાં 234 વેપારીને 10.58 લાખનો દંડ કરાયો

**નાણાકીય વર્ષ 2025-**26 દરમિયાન 7487 એકમોની સઘન તપાસ

(પ્રતિનિધિ) આણંદ તા.20

આણંદ જિલ્લામાં ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા અને તોલમાપમાં થતી ગેરરીતિઓ રોકવા માટે કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા વર્ષ દરમિયાન વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ સઘન તપાસ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરતા 234 વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરી તંત્રએ લાખો રૂપિયાનો દંડ વસૂલ્યો છે.

આણંદ જિલ્લા કાનૂની માપ વિજ્ઞાન તંત્રના મદદનીશ નિયંત્રકની યાદી મુજબ, નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કુલ 7487 એકમોના વજન અને માપના સાધનોની વિગતવાર ચકાસણી કરવામાં આવી હતી. આ તપાસ ઝુંબેશ હેઠળ સાધનોનું મુદ્રાંકન કરવાની કામગીરી પણ હાથ ધરાઈ હતી, જેના દ્વારા સરકારને કુલ રૂ.62,39,905ની ચકાસણી ફિની આવક થઈ છે.

આણંદ જિલ્લાના ગ્રાહકો સાથે છેતરપિંડી ન થાય તે હેતુથી કરવામાં આવેલી આ કાર્યવાહીમાં જે વેપારીઓના તોલમાપના સાધનો ક્ષતિગ્રસ્ત અથવા નિયમ વિરુદ્ધના માલૂમ પડ્યા હતા, તેમની સામે આકરી કાર્યવાહી કરવામાં આવી હતી. અહેવાલ મુજબ, કુલ 234 જેટલા વેપારીઓ કાયદાના સકંજામાં આવ્યા હતા, જેમના પાસેથી રૂપિયા 10.58 લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે. આ આક્રમક કામગીરીને પગલે જિલ્લાના વેપારી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે.

---

### લાંચિયા સુપ્રિટેન્ડન્ટ અને ઇન્સ્પેક્ટરના 4 દિવસના રિમાન્ડ મંજૂર

## સેન્ટ્રલ જીએસટીના લાંચ કેસની તપાસ આણંદ ACBને સોંપાઈ

**કરોડોના વહીવટ** અને મોટા નેટવર્કનો પર્દાફાશ થવાની શક્યતા

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

નડિયાદ સેન્ટ્રલ જીએસટી ભવનમાં ટ્રાન્સપોર્ટરની ગાડી છોડવા માટે 55 લાખની લાંચની માંગણી કરી 10 લાખનો પ્રથમ હપ્તો સ્વીકારતા ઝડપાયેલા સુપ્રિટેન્ડન્ટ અમરનાથ સરોજ અને ઈન્સ્પેક્ટર સુબોધ ચૌહાણને કોર્ટે 4 દિવસના રિમાન્ડ પર સોંપવાનો આદેશ કર્યો છે. ગાંધીનગર એ.સી.બી. દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહી બાદ હવે આ કેસની તપાસ આણંદ એ.સી.બી.ને સોંપવામાં આવી છે.



નડિયાદના ટ્રાન્સપોર્ટરની સામાન ભરેલી ગાડી પકડી તેમાં ક્ષતિઓ કાઢી તેને મુક્ત કરવાના અવેજમાં આ અધિકારીઓએ કુલ 55 લાખ રૂપિયા માંગ્યા હતા. ગાંધીનગર એ.સી.બી.ની ટીમે છટકું ગોઠવી આ પૈકીના 10 લાખ રૂપિયા સ્વીકારતા બંને અધિકારીઓને રંગેહાથ ઝડપી લીધા હતા. આ દરોડાને પગલે સરકારી કચેરીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

એસીબી દ્વારા કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે આ લાંચના નેટવર્કમાં અન્ય કોઈ અધિકારી કે વચેટિયા સામેલ છે કે કેમ તેની તપાસ કરવી જરૂરી છે. રિમાન્ડ દરમિયાન આણંદ એ.સી.બી.ની ટીમ હવે આરોપીઓના રહેણાંક મકાનો પર સર્ચ ઓપરેશન હાથ ધરી તેમની અપ્રમાણસર મિલકતો, બેંક ખાતાઓ અને ભૂતકાળમાં કરેલા વહીવટોની ઝીણવટભરી તપાસ કરશે.

અલબત્ત, સેન્ટ્રલ જીએસટીના આ ક્લાસ-2 અધિકારીઓએ જે રીતે બેફામ બનીને મસમોટી રકમની માંગણી કરી હતી, તે જોતા આ કૌભાંડના તાર છેક ઉપર સુધી જોડાયેલા હોવાની શંકા સેવાઈ રહી છે. ટ્રાન્સપોર્ટેશનના વ્યવસાય સાથે જોડાયેલા અન્ય લોકો પાસેથી પણ આ પ્રકારે નાણાં પડાવવામાં આવ્યા છે કે કેમ તે દિશામાં પણ તપાસ તેજ કરવામાં આવી છે.

---

## નડિયાદના માઈ મંદિરે ભગવાન પરશુરામ જન્મોત્સવની ઉજવણી કરાઇ

**ભગવાન વિષ્ણુના** છઠ્ઠા અવતારના જન્મોત્સવમાં ભક્તિ અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

નડિયાદ સ્થિત માઈ મંદિર ખાતે અક્ષય તૃતીયાના પવિત્ર પર્વે ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર એવા ભગવાન પરશુરામના જન્મોત્સવની શ્રદ્ધા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. નડિયાદ બ્રહ્મ સમાજ દ્વારા આયોજિત આ ધાર્મિક મહોત્સવમાં શહેર તેમજ સમગ્ર ખેડા જિલ્લામાંથી મોટી સંખ્યામાં ભૂદેવોએ ઉમટી પડી દર્શન-પૂજનનો લાભ લીધો હતો.

નડિયાદના માઈ મંદિર ખાતે વૈશાખ સુદ ત્રીજ એટલે કે અક્ષય તૃતીયાના અવસરે આયોજિત આ કાર્યક્રમમાં ભગવાન પરશુરામની મૂર્તિ સમક્ષ વિધિવત્ પૂજા, અર્ચના અને અભિષેક કરવામાં આવ્યા હતા. બાદમાં પરશુરામ દાદાની સમૂહ આરતી યોજાઈ હતી, જેમાં ભક્તોના ગગનભેદી જયઘોષથી સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું.

નડિયાદ બ્રહ્મ સમાજના અધ્યક્ષ અને હોદ્દેદારોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ પ્રસંગે ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા.

આ પવિત્ર દિવસે ભૂદેવોએ ભગવાન પરશુરામના ધર્મની રક્ષા અને અધર્મનો નાશ કરવાના આદર્શોને યાદ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત ભાવિકોએ ભગવાનના જીવન અને તેમના અજોડ તેજમાંથી પ્રેરણા લેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર મહોત્સવ ભક્તિપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો, જે શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર બન્યો હતો.





ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**